Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા માનવીની ભવાઇમાં નિરૂપિત ભારતીય સમાજ

**Rohit Geetaben Mavjibhai**

Research Scholar

**Dr. Pravinbhai Ranchhodbhai Patel**

Assistant Professor and Dean

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ભારતીય સાહિત્યસંસ્કારના વૃક્ષને અંકુરિત, પલ્લવિત, પુષ્પિત અને સુરભિત કરવામાં ભારતીય જ્ઞાનપીઠ સંસ્થાનો અમૂલ્ય ફાળો રહેલો છે. સ્વ. ઉદ્યોગપતિ સાહુ શાંતિપ્રસાદ જૈન દ્વારા વારાણસીમાં ઈ.સ.૧૯૪૪માં ફેબ્રુઆરીની ૧૮મી તારીખે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી. ૧૯૪૪માં વારાણસીમાં ભરાયેલ અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદના અધિવેશનમાં દેશભરના વિદ્વાનો એકત્ર થયા હતા. ત્યારે ભારતની પ્રાચ્યવિદ્યાની વિવિધ શાખાઓમાં સંશોધન-સંપાદન, ભાષાંતર, સંગ્રહ અને પ્રકાશનની આવશ્યકતાઓને અનુરૂપ સુવિધા મળે તે હેતુથી કેન્દ્રિય અને રાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના કરવા વિશે ચર્ચા-વિચારણા કરીને. સૂચિત યોજનાની રૂપરેખા પ્રસ્તાવિત કરવામાં આવી. ફળસ્વરૂપ 'ભારતીય જ્ઞાનપીઠ' નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય 'પ્રાચીન ભારતીય ગ્રંથોનું સંશોધન સંપાદન અને પ્રકાશન કરવું. તેમજ સમકાલીન ભારતીય ભાષાના મૌલિક સર્જનાત્મક વાડ્મયને લોકભોગ્ય તેમજ લોકોદય માટે ઉત્તેજન આપવું. આ ઉદ્દેશ્યની પૂર્તિ માટે ભારતીય જ્ઞાનપીઠની સ્થાપના કરવામાં આવી છે. સ્વ.શાંતિપ્રસાદ જૈનના વિદૂષી પત્ની સ્વ. રમા જૈન આ સંસ્થામાં સહયોગ આપવાની ભાવનાથી જ્ઞાનપીઠના પ્રથમ અધ્યક્ષ થયાં હતાં. આ પદ પર તેઓ ઈ.સ.૧૯૭૫ સુધી આસિક્ત રહ્યાં હતાં.

જ્ઞાનપીઠ સંસ્થાના કાર્યને ચાર વિભાગમાં વહેંચવામાં આવેલું છે. જેના પ્રથમ ભાગમાં 'મૂર્તિદેવી ગ્રંથમાલા'ની યોજના હેઠળ પ્રાચ્યવિદ્યાના હિંદુ, જૈન આદિ પ્રાચીન ગ્રંથોમાં સંપાદન-સંશોધન અને પ્રકાશનનો કાર્યક્રમ હાથ ધરાયો. જેમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને પાલિ ઉપરાંત પ્રાચીન કન્નડ અને તમિળ ભાષાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.વર્તમાન ભારતીય ભાષાના સર્જકોની ગણમાન્ય કૃતિઓમાં પ્રકાશન અને ઉત્તેજન માટે નવોદિત સર્જકોની કૃતિઓના પ્રકાશનનો કાર્યક્રમ હાથ ધરાયો. ત્રીજા વિભાગમાં દર વર્ષે ભારતીય સાહિત્યની ઉત્તમ કૃતિને પુરસ્કારથી પોંખવાની યોજના વિચારાઈ.

જેનો પ્રારંભ ૧૯૬૫ના પુરસ્કારને ૧૯૬૬માં આપીને કરાયો. ભારતની ૧૮ ભાષાઓમાં પ્રકાશિત કૃતિઓમાંથી વિદ્યામંડળ દ્વારા ઉત્કૃષ્ટ કૃતિ પસંદ કરવામાં આવે છે. આ પુરસ્કારની રકમ શરૂઆતમાં એક લાખ રૂપિયા હતી. સમયાંતરે પુરસ્કારની રાશિમાં વધારો કરવામાં આવ્યો છે. ફળસ્વરૂપ થોડાક જ વર્ષોમાં આ સંસ્થાના ઉપક્રમે અપભ્રંશ અંગ્રેજી, કન્નડ, ઉર્દૂ, તમિળ, પાલિ, પ્રાકૃત, સંસ્કૃત, હિંદી વગેરે ભાષામાં સેંકડો ગ્રંથો પ્રકાશિત થઈ ચૂકયા છે. સમયાંતરે સંસ્થાના મુખ્ય કાર્યાલયને વારાણસીથી ખસેડીને દિલ્હી સ્થાનાંતર કરાયું.

ભારતીય જ્ઞાનપીઠ સંસ્થા સૌથી વધારે ખ્યાતિ પ્રાપ્ત થઈ તેના જ્ઞાનપીઠ પુરસ્કારથી. ૧૯૬૫ થી આ પુરસ્કારની રાશિ એક લાખ રૂપિયા કરવામાં આવી. જ્ઞાનપીઠ પ્રથમ પુરસ્કારથી પુરસ્કૃત પ્રથમ કૃતિ 'ઓતકકુલ' માટે મલયાલમ લેખક શંકર કુરૂપને અર્પિત કરાયો. ઈ.સ.૧૯૮૨માં આ રાશિ દોઢ લાખ રૂપિયા કરવામાં આવી. અલ્પ સમયમાં જ સાહિત્ય ક્ષેત્રે જ્ઞાનપીઠ પુરસ્કાર મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. આ પુરસ્કારથી સ્થાપિત થઈ ચૂકયું કે "ભારતની ભિન્ન ભાષાઓનો આત્મા એક જ છે." દિલ્હીમાં ભવ્ય સમારંભ યોજીને રાષ્ટ્રપતિના વરદ કરકમલો દ્વારા પુરસ્કાર અર્પણ કરાય છે. પુરસ્કારની રકમના ચેક ઉપરાંત વાગ્દેવીની કાંસ્યમૂર્તિ પણ પ્રતીકરૂપે અપાય છે. પ્રમુખ ભારતીય ભાષાઓના પ્રતીક એવા પાંખડીયુક્ત પદ્મના આસન ઉપર હાથમાં જ્ઞાનના ઉપકરણો ધારણ કરતી ચતુર્ભુજ વાગ્દેવી (વાણીની દેવી) ની પ્રતિમાની વિભાવના મધ્યપ્રદેશની ધારા નગરીમાં આવેલ સરસ્વતી મંદિરમાં રાજભોજે ૧૦૩૫માં પ્રતિષ્ઠિત કરેલી મૂળ મૂર્તિ તેનો પ્રેરણાભૂત આધાર છે. જ્ઞાનપીઠ 'જ્ઞાનોદય' નામે માસિકનું પ્રકાશન પણ કરે છે. જેમાં નવોદિતોની રચના છપાય છે. દર વર્ષે ભારતીય ભાષાઓમાંથી ઉત્તમ કૃતિના લેખકને ભારતીય જ્ઞાનપીઠ તરફથી પારિતોષિક અપાય છે. અત્યારે પુરસ્કારની રાશિ ૧૧ લાખ કરવામાં આવી છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ, રાજેન્દ્ર શાહ અને રઘુવીર ચૌધરીનું ગુજરાતની સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં અનન્ય યોગદાન છે. એમાં પણ ઉમાશંકર જોશી અને રઘુવીર ચૌધરીનું પ્રદાન અનેક સ્વરૂપોમાં વિશેષ જોવા મળે છે. ઉપરોક્ત સાહિત્યકારોના પ્રદાનને ભારતીય સાહિત્યના શ્રેષ્ઠતમ એવા જ્ઞાનપીઠ પુરસ્કારથી પોંખવામાં આવ્યા છે એ ગુજરાતી સાહિત્ય માટે ગૌરવની વાત છે.

સમાજશાસ્ત્રીઓ માને છે કે સાહિત્ય એ સામાજિક સર્જન છે. સાહિત્યસર્જક કોણ છે, કયા પ્રદેશમાંથી આવે છે, એનું ઘડતર કેવી રીતે થયું છે તે બધી વિગતો સાહિત્યકૃતિના અભ્યાસ માટે ઘણી મહત્ત્વની બની રહે છે. એક સમયે રૂપરચનાવાદીઓ અને આકારવાદી અભિગમ ધરાવતા વિવેચકો સાહિત્યકૃતિને જ સ્વયંપર્યાપ્ત માનતા હતા અને તે કારણે કૃતિના સઘન અભ્યાસ માટે લેખક સાથે જોડાયેલા તમામ સંદર્ભોને બહાર રાખતા હતા. પરંતુ નવ્ય ઇતિહાસવાદ સાહિત્યકૃતિને પણ સામાજિક અર્થની ઉત્પાદક ગણાવે છે. સાહિત્યકૃતિ સર્જાઈ ગયા પછી એના સર્જકથી છૂટી પડીને એક સામાજિક ઘટના બને છે, કલાવારસો બને છે. પન્નાલાલની કૃતિઓ આ અર્થમા ગુજરાતી સાહિત્યનો અને સમાજનો મૂલ્યવાન વારસો છે.

પન્નાલાલ પટેલ ગુજરાતી સાહિત્યના ઉત્તમ સર્જકોમાંના એક છે. પન્નાલાલ પટેલને જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત થયો, ત્યારે તેમને સન્માનવાનો કાર્યક્રમ ઈડર કૉલેજમાં યોજાયો હતો. તે પ્રસંગે જાણીતા સાહિત્યકાર સિતાંશુ યશશ્ચંદ્રએ પન્નાલાલને ગુજરાતી સાહિત્યના 'ગુણાત્મ્ય' કહ્યા હતા. કથાસાહિત્યમાં એમનું પ્રદાન અનન્ય છે. સૌ જાણે છે કે એમણે ઔપચારિક શિક્ષણ તો ઘણું ઓછું લીધું, પરંતુ જીવનના પ્રત્યક્ષ અનુભવોમાંથી ઘણું શીખ્યા. પન્નાલાલ સફળ લેખક બન્યા એનું એક કારણ એમની નિરીક્ષણ શક્તિ. બીજું કારણ, જીવનની પારાવારમુશ્કેલીઓમાંથી મળેલો બહુમૂલ્ય અનુભવ, અને ત્રીજું, એમની નૈસિંગક કલ્પનાશક્તિ. આ ત્રણે

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

વાનાંનો એમના સાહિત્યમાં અદ્દભુત સમન્વય થયેલો જેવા મળે છે. બાળપણથી જ આંખ-કાન ખુલ્લા રાખીને એમણે જે જીવન જોયું હતું, જે પીડાઓ વેઠી હતી, જે જીવનરસ માણ્યો હતો તે સઘળું એમના લેખનની કાચી સામગ્રી બની રહ્યું. ‘માનવીની ભવાઈ’ (૧૯૪૭) ને કેન્દ્રમાં રાખીને પન્નાલાલની નવલકથામાં સામાજિકતાની ચર્ચા કરવાનો ઉપક્રમ છે. ગુજરાતી સાહિત્યમાં ગ્રામજીવનની સમસ્યાઓને લઈને નવલકથાઓ લખવાની શરૂઆત ૧૯૩૨-૩૩ આસપાસ આરંભાઈ ચૂકી હતી. એ પૂર્વે મુખ્યત્વે ઐતિહાસિક અને સામાજિક નવલકથાઓ લખાતી હતી. ર.વ. દેસાઈએ ગ્રામજીવનની સમસ્યાઓ લઈને ‘ગ્રામલક્ષ્મી’ નવલકથા ચાર ભાગમાં લખી. ઝવેરચંદ મેઘાણીએ ‘તુલસીક્યારો’, ‘વેવિશાળ’ અને ‘નિરંજન’માં સૌરાષ્ટ્રના ગ્રામજીવનનો પરિવેશ આલેખ્યો. ‘સોરઠ તારાં વહેતાં પાણી’માં શૌર્ય, ભક્તિ, બલિદાન, આત્મસમર્પણ વગેરે ભાવનાઓનું નિરૂપણ કર્યું. આ સમયમાં ગાંધીજીની વિચારધારાનો પ્રભાવ ઊંડો હતો, પરંતુ પન્નાલાલ સમકાલીન વિચારધારા અને યુગબળથી પ્રભાવિત થયા વિના પોતાની આંતરસૂઝથી ગ્રામસમાજના જીવનના તાણાવાણા ગૂંથે છે.

પન્નાલાલે ક્યાંક કહ્યું છે કે તેઓ આદર્શવાદી, ભાવનાવાદી કે સાહિત્યવાદી લેખક નથી; પરંતુ તેમને માનવીના જીવનમાં રસ છે અને બાહ્ય વાસ્તવિકતા દ્વારા આંતરિક વાસ્તવિકતા સુધી પહોંચવામાં રસ છે. પોતાની ધરતીના લોકજીવનનો, તેની પ્રકૃતિનો તેમને સઘન અનુભવ છે. એ સમાજના લોકોના સુખ-દુઃખ, હર્ષ-શોક, આશા-નિરાશા, વેર-ઝેર, સામાજિક અને પ્રાકૃતિક સંઘર્ષો –એ સઘળું એમણે બહુ નિકટથી જોયું છે, જે એમની વાર્તાઓ અને નવલકથાઓમાં શબ્દરૂપ ધરીને અવતર્યું છે.

પણ છે; પરંતુ એ ગુજરાતી જાનપદી નવલકથામાં દેખાતા હોળી, મેળા, લગ્નપ્રસંગો, પેર પંચાતિયા, અંધશ્રદ્ધા, બાધા-આખડી, ભૂતપ્રેત વિશેની માન્યતાઓ, સામાજિક રીતરિવાજો, વિધિનિષેધો, પ્રેમ, ઈર્ષ્યા, વેરઝેર, કૃષિજીવન અને એને લગતી સમસ્યાઓ પન્નાલાલની નવલકથાઓમાં પન્નાલાલની સર્જકતાનો સ્પર્શ પામ્યા છે.

પન્નાલાલને કૃતિઓમાં પ્રેમની વાત કરવી છે, સમયની વાત કરવી છે; પરંતુ અમ કરતી વેળાએ સર્જનાત્મક પ્રક્રિયા દરમિયાન એમની આસપાસનું સમાજજીવન સહજ જ ગૂંથાતું આવે છે.

પોતાની હાલ ગતિના ભડ, પટલાઈના દાવપેચ, લગનનું તૂટવું, પુનર્લગ્ન થતું અહીં છે. 'માનવીની ભવાઈ'માં પણ ઈર્ષ્યા, રાગદ્વેષ અને પટલાઈના કારણે કાળું અને રાજુને જુદા થવું પડે છે, માનવીની ભવીઇનું કથાવસ્તુ ત્રણ તબક્કામાં આગળ વધે છે: પ્રકરણ એકથી ચૌદ સુજીનો પ્રથમ તબક્કો, જેમાં કાળુના જન્મથી લગ્ન સુધીની ઘટના ઈવાય છે, બીજો તબક્કો, પ્રકરણ પંદરથી ઓગણત્રીસ સુધીનો, જેમાં રાજુને બદલે ભલી સાથેના કાળુના લગ્નથી કાળુ-રાજુની જુદા પડવાની ઘટના છે, તો ત્રીજા તબક્કામાં ત્રીસથી આડત્રીસ સુધીના પ્રકરણમાં દુષ્કાળની ઘટના અને અંતે કાળુ-રાજુના મિલનનો અણસાર આપતો સુખાંત છે. વાલા ડોસા અને પરમાના કુટુંબ સામસામે આવી જાય છે અને ઇષ્ટ-અનિષ્ટની લડાઈ અને ગ્રામસમાજની પશ્ચાદ્ભૂમાં કથા વિસ્તરતી રહે છે. વાલા ડોસાની ઢળતી વયે એને ત્યાં કાળુનો જન્મ થાય છે. વાલાના નાનાભાઈ પરમાની પત્ની માલીથી આ જીરવાતું નથી. ઈર્ષ્યાની આગમાં એ બળે છે. ઈર્ષ્યા ગ્રામીણ સમાજનું એક વરવું દૂષણ છે. ફૂલી ડોશી ગલાની દીકરી રાજુ સાથે કાળુનો વિવાહ ગોઠવે છે. લોકથી આ જોયું જતું નથી. પટલાઈનાદાવપેચથી સગાઈ તૂટે છે ને કાળુનું ભલી સાથે અને રાજુનું દયાળજી સાથે લગ્ન ગોઠવાઈ જાય છે. ગ્રામસમાજમાં આવી તડજોડ ચાલતી હોય છે, જેને કારણે નિર્દોષ યુવક-યુવતીઓને જીવનભર શોષાવું પડતું હોય છે.

ગ્રામજીવનમાં ધર્મ અને ધાર્મિકોનું ઘણું મહત્ત્વ છે લેખકે  જગત તથા જીવનના રહસ્યને જાણનારા સર્વજ્ઞ ઈશ્વર જેવા મહાન જ્ઞાની બનાવવાનો પ્રયત્ન કર્યો છે. ગામ લોકોના આદરપાત્ર ભગત પાસે બધાં દુ:ખોની દવા છે. આ કૃતિમાં થયેલું દુષ્કાળનું આલેખન અનન્ય છે. સાથે સાથે સામાજિક ભેદભાવ અને શોષણનું પણ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

પન્નાલાલે ચિત્રણ કર્યું છે. દુષ્કાળને કારણે વાન પકવનારા જ ધાન માટે વલખા મારે છે. દુષ્કાળમાં લોકોના સત્વની તાવણી થાય છે. એમાંથી કેટલાક દૃઢ સંકલ્પબળથી પાર ઊતરે છે, તો વળી કેટલાક સમયસંજોગને વશ થાય છે. પરથમીનો પોઠીઓ ભૂખે મરે છે ને શેઠિયાઓને ત્યાં અનાજના ભંડાર ભર્યા છે. આ સામાજિક ભેદભાવ, વર્ગભેદ કરુણા જગાવે છે. આર્થિક રીતે ઘસાયેલાને ત્યાં ખાવા કોદરા, મકાઈ કે જાડું ધાન અને સંપન્ન લોકોને ત્યાં ઘઉં. સામાન્ય ખેડૂતને ત્યાં માટીનાં બેડાં હોય ને ધનવાનોને ઘરે તાંબા-પિત્તળનાં. કાળુના પિતા વાલા ડોસાને માથે જેટલા પાળિયા હતા એટલું જ દેવું હતું. દરેક સામાન્ય ખેડૂતની આ સ્થિતિ છે. વર્ગભેદ સાથે સાથે શોષણ પણ છે. દુષ્કાળના દિવસોમાં રાજુ શેઠને ઘરે દાણા લેવા ગઈ, ત્યારે શેઠે એની કાયા વખાણી, છેડતી કરી. એટલે રાજુ ખાલી હાથે પાછી ફરી. પરંતુ એના મનમાં આક્રોશ જાગ્યો. એ કહે છે : "જો હુંઆદમી હોત તો એ શાહુકારનું ખૂન કરી નાખત ને ભૂખે મરતાં બધાયને બોલાવી પેલા કોઠાર લૂંટવા દેત !" જો કે કાળુને રાજુમાં અખૂટ વિશ્વાસ છે એટલે કહે છે :

"પણ તું નથી તો લૂંટી શકવાની કે નથી તું તારી જાત લૂંટાવવાની". વિષમ પરિસ્થિતિઓમાં આ પાત્રોનું સત્વ પ્રગટ થયું છે. કાળુ પણ કઠિન સમયમાં પોતાની ખુમારી જાળવી રાખે છે. જ્યારે હવાલદાર કહે છે કે "કેમ નથી ખાવા સાલા ? આ બધા લે ને તું કેમ ના લે ? મોટો લાટ થઈ ગયો એમ ?" ઉત્તર આપતા કાળુ કહે છે : "લાટ હોત તો લેત, પણ કણબી છું એટલે ની લઉં." એના મનમાં થાય છે કે ધાન લેવા ઊભેલા ધાનના ધણીઓ હાથ ધરવાને બદલે ઉગામે, આબંદુકવાળાય નાસવા માંડે ઊભી પૂંછડીએ ! પરંતુ શેની સ લાઇનમાં જઇને ખડો થયો ત્યારના એના શબ્દો ખેડૂતની પોતાના ખે અને પોતાના ધાન પ્રત્યેની પ્રીતિ દર્શાવે છે : "અમારું છે ને અમારે હજુ છે. માર્થ આમાં હશે સ્તો. પેલાં વલ્લાવાળાં ક્યારડાની મારી શા હાથમાં ફેરવેલી ને રમાડેલી એ શાળના ચોખા, ઓળખી કાઢું –વીહી, દેખાડું કો".

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ખેડૂતની ખુમારી બાવાની લંગોટી' પ્રકરણના અંત વાલા ડોસાના ઉદ્દગારોમાં પણ વ્યક્ત થાય છે : "બાપડા બાવાના શા ગજા કે દુ:ખના દળણાં દળી ખાય ? એ તો ભલો સર્જ્યો છે ભગવાને ખેડૂત કે –આટઆટલાં મારે – અરે આપણને બધાયને દુઃખ છે, પણ જોજો તમે, એક પછી એક દળી જ ખાવાના, કેમ બેટા ?"

'ગ્રામીણ સમાજનું એક હકારાત્મક પાસું એ છે કે ભલે અહીં રાગદ્વેષ, ખટપટ વગેરે હોય; પરંતુ મનની મોટાઈ અને ઉદારતા પણ છે. માણસના સુખદુઃખ, વેરઝેર, કાળે સર્જેલી વિષમ પરિસ્થિતિ, માણસ માત્રની નિર્બળતાઓ, અપરાધવૃત્તિ, જાતીય સ્ખલનોને લેખક ઉદારતાથી જુએ છે અને સમજણપૂર્વક નિરૂપે છે. સમાજ પણ એને સમભાવપૂર્વક સ્વીકારી લે છે. 'માનવીની ભવાઈ'માં દુષ્કાળમાં ભૂખ ભાંગવા સ્ત્રીઓ પોતાનો દેહ વેચે છે. દુકાળિયાઓના ટોળાંથી ઊભરાતા ડેગડીયા કસ્બામાં અન્ય ગ્રામવાસીઓ સાથે ગામ છોડી આવેલ ભલી અને રૂખી જેવી ખેડૂત કુટુંબની સ્ત્રીઓ કાયા વેચીને પેટ ભરે છે. ભૂખ નીતિ અને સદાચારના પાઠ ભુલાવી દેકોકો ભૂખ ભાંગવા મરેલા ઢોરનું માંસ ખાવા, અરે માતા પોતાના જને ખાવા વિવશ બને એવો કપરો કાળ છે. એટલે જ તો કાળુનો વો જાત્મા શાપ આપી બેસે છે કે "કાળના પાડનાર ભગવાન તાર કુલ જો. તે માનવીની આ દશા કરી ?" વિવેચક ભરત નાયકને કાળુની આ ઉક્તિથી 'HUNGER' નવલકથાનો નાયક પણ "મારા કૂતરા માટે હાક્ જોઈએ છે" કહીને ખાટકી પાસેથી હાડકું માગી અંધારા ખૂણામાં રગળતો બેસે છે. હાડકાની તીવ્ર વાસથી ઊલટીઓ કરે છે, જે ખાય છે તે બધું બહાર નીકળી જાય છે, ત્યારે એનો કકળતો આત્મા ઈશ્વરને શાપ આપે છે : "I TELL YOU, YOU HEAVEN'S HOLY BALL, YOU DON'T EXIST : BUT THAT, IF YOU DID, I WOULD CURSE YOU SO THAT YOUR HEAVEN WOULD QUIVER WITH THE FIRE OF HELL!....."

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

પન્નાલાલને માનવજીવન કરોળિયાંનાં જાળાં જેવું લાગે છે. માણસના સુખદુઃખ અને ભાગ્યની ગતિ ન્યારી છે. તેના તાણાવાણા ક્યાં ક્યાં જોડાયેલા હોય છે તેનો તાગ મેળવી શકાતો નથી. અને એટલે જ માનવીય સ્ખલનોને લેખક સમભાવપૂર્વક આલેખે છે.

ગ્રામસમાજમાં બ્રાહ્મણ અને જ્યોતિષનો પણ મહિમા છે. ‘માનવીની ભવાઈ’માં ‘બ્રાહ્મણે ભવિષ્ય ભાખ્યા’ પ્રકરણમાં વટેમાર્ગુ પુરાણી વાલા ડોસાને કાળુનું ભવિષ્ય ભાખતા કહે છે: “તમારો દીકરો આપકર્મી નીકળશે ને જ્ઞાતિમાં ને રાજ્યમાં નામના વધારશે’’. ‘ભાંગ્યાના ભેરુ'માં એ પુરાણી પાછો એની વૃદ્ધાવસ્થામાં કાળુને ત્યાં આવે છે. ‘છઠ્ઠીના લેખ’ પ્રકરણમાં પુત્ર પ્રતાપનું ભાવિ ભાખે છે.

ગ્રામસમાજમાં આનંદ-પ્રેમનું સાધન ઉત્સવો અને મેળાઓ. સિત્તેર-પંચોતેર વર્ષ પહેલાં આજના જેવા મનોરંજનનાં સાધનો નહોતાં. જીવન હાડમારીઓથી ભરેલું હતું. તેવા સમયે સામાજિક પ્રસંગો અને મેળાઓ જ આનંદનું સાધન હતાં. લગ્નપ્રસંગોમાં લોકો મ્હાલે છે. દિવાળી, બેસતું વર્ષ, હોળી-ધુળેટી ઉત્સવો કે વિવાહ, લગ્ન, આણા જેવાશુભ પ્રસંગોમાં લોકો આનંદ માણે તે ગીતો ગાય છે. શ્વાનને નવલકથાઓમાં પ્રસંગે-પ્રસંગે આવતાં ગીતો પર જુદો લેખ કરવો પડે. તેમાં પ્રસંગોનાં વર્ણનમાં ગ્રામીણ સમાજ જીવતો થાય છે. દિવાળીના દિવસોમ સુંબાપાણી થાય, સુખડી, કુલેર વહેંચાય, હુડામાં વેળુ અને મોક્ષની પ્રેમકથા ગવાય. હોળીમાં પાગલ થઈને આનંદ કરતાં ધરપોની કિકિયારીઓ ગૂંજી ઊઠે. મેળો તો ગ્રામજીવનનો અનેરો પ્રસંગ, પન્નાલાલ એનો સર્જનાત્મક ઉપયોગ કર્યો છે. મેળામાં યુવક-યુવતીઓ ટોળી બનાવીને ગાતાં, મસ્તી કરતાં નીકળી પડે, ટોળ-ટીખળ, મજાક-મકરી ચાલે. એ ગીતોમાં પ્રેમની મસ્તી છલકાતી હોય :

“દિન તો દોડતો જાય, મનખો માણ્યો નથી રે લોલ! સવારો સમણે થાય, મનખો માણ્યો નથી રે લોલ !” ફટાણાં પણ ગવાય :

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

“કાળુ તારે તે કેડિયું ક્યાંથી, બાર બાપોના તારી મા દરજીડાને ગૈ'તી, બાર બાપોના! આવા ઉત્સવો-પ્રસંગોથી ગ્રામનિવાસીઓ પોતાની અછત અભાવ, દુઃખ વિસરવાનો પ્રયાસ કરે છે. પન્નાલાલે આવા ઉત્સવો અને પ્રસંગોના નિરૂપણથી ગ્રામજીવનની ભરીપૂરી સૃષ્ટિ આલેખી છે. પન્નાલાલની નવલકથાઓમાં આલેખાયેલો સમાજ એ એમનાસમયનો સમાજ છે. પન્નાલાલે પોતાની આંતરિક સમજણથી માનવ અને પ્રકૃતિ, માનવ અને સમાજ વચ્ચેના સંકુલ સંબંધોનું આલેખન કર્યું છે. એ સમકાલીન રાષ્ટ્રીય ચળવળો કે આંદોલનોથી ખાસ પ્રભાવિત થયા નથી. ગાંધીજીએ કોશીઓ પણ સમજી શકે એવું સાહિત્ય રચવાનું સૂત્ર આપ્યું. તેને અનુસરીને પણ પન્નાલાલ ગ્રામજીવનના કથાવસ્તુ ભણી પ્રેરાયા નથી. એમને ર.વ. દેસાઈની જેમ આદર્શ ગ્રામનું પણ નિરૂપણ કરવું નથી. એમને તો પોતાના અંતરમનમાં ઊતરી ગયેલા લોકો, ઈશાનિયા દેશનો એ સમગ્ર જીવતો કરવો છે, વ્યક્તિચેતનાના ઊંડાણ તાગવા છે. માનવસમાજનીપછી પગલાઓ, મુખ્ય પ્રશ્નો દરેક સમાજમાં મોટે ભાગે એના એ જ જે છે. જેમ કે કુદરત અને માનવસંબંધો, સમાજની આંતરિક પપ્પાનો, બદલાતા સમય સાથે ચાલવાનું મનોમંથન, ભાષાના પ્રશ્નો .. માનવજીવનમાં સંઘર્ષ ચાલ્યા કરે છે અને માનવ પ્રબળ વિજાથી પ્રેરાઈને અથડાઈ-કુટાઈ, લડી-રડીને પણ સંઘર્ષ કરતો રહે બે પન્નાલાલની નવલકથાઓમાં માત્ર કોઈ ચોક્કસ પાત્રોની વાત નથી, જે તો નિમિત્ત છે; પરંતુ એ નિમિત્તે જે તે સમયનો સમાજ, નવા અને નાનો સંઘર્ષ શબ્દોમાં પરોવાતો આવે છે. પન્નાલાલ બહુ ઓછું ભણેલા હોવા છતાં આ કરી શક્યા તે અચરજ પમાડે તેવું છે. સુંદરમે કહ્યું હતું. “તમે જાણે કે પ્રભુકૃપા, પ્રભુપ્રસાદથી જ લખતા થયા અને લખો છો જેમ મને હંમેશાં લાગ્યું છે.” તેની સાથે સંમત થવાય એવું છે. ગ્રામજીવનના, એ સમાજના સાવ સાદા દેખાતા જીવનમાં પણ જીવનતત્વના ઊંડા તલને પન્નાલાલ એક સિદ્ધહસ્ત કલાકારની કેસિયતથી સ્પર્ધા છે.

આજની આપણી એકવીસમી સદીનું ગામડું અને ગ્રામસમાજ સાવ બદલાઈ ગયાં છે. જીવનશૈલી હવે આધુનિક બની છે અને તેનો પ્રભાવ છેક છેવાડાંનાં સ્થળો સુધી પહોંચી ગયો છે. ગામડાંમાં પાકા રસ્તાઓ, પાકાં મકાનો,

આધુનિક ખેતી, વીજળી, શિક્ષણ, દૂરસંચારનાં આધુનિક સાધનો આવી ગયાં છે. સમગ્ર વિશ્વ જ હવે એક ગ્રામ બની ગયું છે. મેળા લગભગ રહ્યા નથી અને જ્યાં રહ્યા છે તેનું સ્વરૂપ બદલાઈ ગયું છે. ખેડૂતનું જીવન હવે માત્ર ઋતુચક્ર આધારિત રહ્યું નથી. વરસના ત્રણ પાક લેવાય છે. ખેતીમાં પણ હળ-બળદ-કોસની જગ્યાએ ટ્રેક્ટર અને મશીનો આવી ગયાં છે. નાતજાતના ભેદ ગયા નથી, પરંતુ એટલા જડ પણ રહ્યા નથી. એ કારણે પન્નાલાલની કૃતિઓમાં આલેખાયેલા ગ્રામસમાજનું દસ્તાવેજી મૂલ્ય વધી ગયું છે. કોઈ પણ સમાજશાસ્ત્રી માટે આ મૂલ્યવાન સામગ્રી બની રહે એમ છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સંદર્ભગ્રંથ સૂચિ**

૧. જ્ઞાનપીઠ અને ગુજરાતી સર્જકો-ગૂજરાત વિદ્યાપીઠ.

૨. માનવીની ભવાઇ- ઉમાશંકર જોશી.

૩. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ (ગ્રંથ-૫ ઈ.૧૮૯૫-૧૯૩૫)ગુજરાતી સાહિત્ય પરિષદ.

૪. ગૂજરાતી સાહિત્યનો ઇતિહાસ-પ્રસાદ બ્રહ્મભટ્ટ.